# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૯-A તા.૦૩-૦૮-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : સંસ્કૃત સપ્તાહ યોજવા બાબત.

સંદર્ભ : ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/૨૦૨૨/૭૪૯૪-૭૫૮૦ તા.૨૭-૦૭-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ સંસ્કૃત ભાષા અને સાહિત્યમાં જ્ઞાન ઉપલબ્ધ થાય અને દ્રષ્ટિનો પ્રચાર-પ્રસાર થાય તે મુખ્ય ઉદ્દેશ્ય છે. સંસ્કૃત ભાષા અને સાહિત્યના અભ્યાસને ઉત્તેજન અને પ્રોત્સાહન આપવાનો છે. શાળાના દરેક શિક્ષકો અને વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાના અભ્યાસમાં રસ-રૂચિ લેતા થાય, સંસ્કૃત ભાષાનું મહત્વ સમજે તે મુજબના કાર્યક્રમો કરવાના છે.

ધો.૦૧ થી ૦૮ માટે "સંસ્કૃત સપ્તાહ"નું આયોજન તા.૦૮-૦૮-૨૦૨૨ થી તા.૧૫-૦૮-૨૦૨૨ દરમિયાન યોજવા માટે જાણ કરવામાં આવે છે. (તા.૧૧-૦૮-૨૦૨૨ રક્ષાબંધન - સંસ્કૃત દિન છે.) આયોજન મુજબ આ કાર્યક્રમમાં શાળાના મહત્તમ વિદ્યાર્થી ભાગ લે તે સુનિશ્ચિત કરશો.

બિડાણ : સંસ્કૃત સપ્તાહ મહોત્સવનું આયોજન

તા.૦૩-૦૮-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# संस्कृतसप्ताहोत्सवस्य आयोजनम्

- શાળાને આસોપાલવનાં તોરણથી શણગારવી.
- બોર્ડ ઉપર **संस्कृतसप्ताहोत्सवः** એમ લખવું.
- બોર્ડ ઉપર સંસ્કૃત સુભાષિતો, શ્લોકો, રત્નકણિકાઓ લખવી.

## प्रथमं दिनम्

- મુખ્યશિક્ષકશ્રી કે શિક્ષકશ્રી દ્વારા સંસ્કૃત સપ્તાહ વિશે માહિતી અપાશે...
- બાળકો પાસે શ્લોકગાન કરાવવું
- વિદ્યાર્થી દ્વારા ધો.૮નાં સંસ્કૃત વિષયનાં પાઠ ૮ આત્મશ્રધ્ધાયાઃ પ્રભાવહ નું વાચન કરાવવું...
- બાળકો પાસે જયઘોષ કરાવવો.
- શિક્ષક બોલશે. જયતુ જયતુ... સામે વિદ્યાર્થિઓ બોલશે...સંસ્કૃત ભાષા
- અસ્માકમ ભાષા.......સંસ્કૃત ભાષા
- બાલહ વદતિ...... સંસ્કૃત ભાષા
- માતા વદતિ.... સંસ્કૃત ભાષા
- શિક્ષકહ વદતિ .... સંસ્કૃત ભાષા
- સર્વે વદન્તુ....... સંસ્કૃત ભાષા
- ગ્રામે નગરે........ સંસ્કૃત ભાષા
- સમગ્ર વિશ્વે....... સંસ્કૃત ભાષા
- જયતુ સંસ્કૃતમ......જયતુ ભારતમ

## <u>પ્રવૃત્તિ</u>

- વિદ્યાર્થીઓને વર્ગખંડમાં રહેલી વસ્તુઓ ને સંસ્કૃત નામથી પરિચિત કરાવવું. ઉદા.:- વાતાયનમ - બારી, લેખની - પેન વગેરે...
- વિદ્યાર્થીઓના શરીરના અંગોને સંસ્કૃત નામથી પરિચિત કરાવવા. ઉદા.:- હસ્ત - હાથ, નાશિકા - નાક
- આપણી ક્રિયાઓમાં સંસ્કૃત નામથી પરિચય કરાવવો. ઉદા.:- ગચ્છ - જવું. ક્રીડા - રમત
- વસ્તુ પરિચય - શાળામાં ઉપલબ્ધ વસ્તુઓના સંસ્કૃત નામ શિખવવા.
- રમતો રમાડવી.

# द्वितीयदिनम्

- શ્લોક ગાન સ્પર્ધા
- સુભાષિત જ્ઞાન સ્પર્ધા
- ગીત ગાના સ્પર્ધા
- વકૃત્વ સ્પર્ધા
- નિબંધ સ્પર્ધા
- નાટક
- બાળગીત આમલમ દ્રાક્ષાફલમ ધોરણ સાત
- ચટક ચટક રે ચટક ધોરણ સાત
- આકાશ પતતિ ધોરણ છ
- વિશ્વાસઃ નૈવ કર્તવ્ય ધોરણ 7

# तृतीयदिनम्

- સંસ્કૃત તજજ્ઞને બોલાવી સંસ્કૃતમાં વાર્તા કથન કરાવવું.
- સંસ્કૃત શ્લોકનું વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુતિકરણ કરાવવું.
- સંસ્કૃત ને લગતા ચિત્રો નું પ્રદર્શન રાખવું.

# चतुर्थदिनम्

- વિદ્યાર્થીએ પોતાના પરિવાર સાથે કરવાની પ્રવૃત્તિ શિષ્ટાચારના શબ્દો જેવા કે સુપ્રભાતમ્ નમસ્કાર શુભ રાત્રી શુભ જન્મદિનમ શ્રાવણ માસસ્ય શુભકામના શુભ સોમવાર ઈત્યાદિ શિષ્ટાચાર ના શબ્દો વિદ્યાર્થી બોલશે...
- સંસ્કૃત સાહિત્ય અને મહાપુરુષોની વાર્તાઓનો વાર્તાલાપ કરવો.